# વ્યાખ્યાઓ
# Difinitions

- આવકવેરો ( આયપતવેરો ) Income tax
- આવક . Income
- એસેસી . કર ભરનાર . કરદાતા . Assessee
- આકારણી. Assessment
- આકારણી વર્ષ . Assessment Year
- પાછલું વર્ષ .Previous Year
- શખ્સ .Person
- ડિવિડન્ડ. Dividend
- કંપની . Company
- આકસ્મીક આવક .Casual Income
- ખેતીની આવક . Agricultural Income
- કરચોરી . Tax Evasion
- કર પરીવર્જન . Tax Avoidance
- કરવેરાનું આયોજન .Tax Planning

# આવકવેરો ( આયપતવેરો ) Income tax

કરદાતાની પાછલાવર્ષ ની કુલ કરપાત્ર આવક ઉપર પ્રત્યેક નાણાકીયવર્ષ માટે મધ્યસ્થ સરકાર ધ્વારા ઉગરાવવામાં આવતા વાર્ષિક કર કે વેરા ને આવકવેરો કહેવાય છે.

# આવક
# Income

વ્યાખ્યા સમાવેસી છે . વ્યાખ્યામાં આવકના પ્રકારો નીચે મુજબ જણાવેલ છે.

- ધંધો કે વ્યવસાય નો નફો અને લાભ .
- ડિવિડન્ડ ( શે . હો . મળેલ ડિવિડન્ડ કરમુક્ત ગણાય .
- ધાર્મિક હેતુ માટે અથવા જાહેર સખાવત માટે સ્થપાયેલ ટ્રસ્ટ સંસ્થા અથવા યુનિવર્સીટી કે શૈક્ષણીક સંસ્થા અથવા હોસ્પિટલને મળેલ ફાળો .
- પગાર અને તેના બદલે મળતી કરપાત્ર સવલતો , ભથ્થું વગેરે .
- પેઢીમાંથી ભાગીદારોને મળતું વ્યાજ, બોનસ, કમીશન કે મહેનતાણું.
- કરપાત્ર મૂડીનફો .
- આકસ્મિક આવકો .
- કર્મચારી કલ્યાણ માટેના ફંડ .
- મકાન મિલકત કરપાત્ર આવક .
- કરપાત્ર જામીનગીરીઓના વ્યાજ ની આવક .
- અમુક અપવાદોને બાદ કરતા રૂ. ૫૦૦૦૦ થી વધુ રકમની રોકડ અને મિલકતો ની બક્ષીસ.

વગેરે આવકના પ્રકારો જણાવેલ છે.

# આવક અંગેના અગત્યના નિયમો

- ગેરકાયદેસર કમાયેલી આવકો પણ કરપાત્ર છે.
- અનિયમિત રીતે મળતી આવકો પણ કરપાત્ર છે.
- બાહ્ય સધાનોમોથી મળતી આવકો જ કરપાત્ર ગણાય
- નાણામાં ફેરવી શકાય તેવા લાભને પણ આવક ગણવામાં આવેછે.
- કોઈ પણ વ્યહવાર ના પ્રથમ ઉદભવ વખતેજ આવક છે કે નહિ તે નક્કી કરી દેવામાં આવેછે.
- ફક્ત ખર્ચ મોથી મળતી રાહત આવક ગણાય નહિ.
- રૂ. ૫૦૦૦૦ થી વધુ રકમ ની બક્ષીસ આવક ગણાય નહિ .
- જેની અપેક્ષા રાખી ન  હોય તેવું ઇનામ આવક ગણાય નહિ.
- ઘસાતીજતી મિલકતોમાંથી  મળતી રોયલ્ટી  આવક ગણાય .
- આકસ્મિક આવકો કરપાત્ર ગણાય .
- આવક મેળવનાર વ્યક્તિએ આપેલ નામના આધારે નહિ પરંતુ વ્યહવારની વાસ્તવિક પ્રકૃતિના આધારે આવક છે કે નહિ તે નક્કી થાય છે.

# એસેસી
# Assessee
# કરદાતા
# કરભરનાર

આવકવેરા કાયદા હેઠળ કોઈ કર અથવા નાણાની બીજી કોઈ રકમ  જેવીક વ્યાજ .દંડ એફ.બી.ટી વગેરે ભરવા માટે જવાબદાર શખ્સ એસેસી ગણાય .

આવકવેરા કાયદા હેઠળ કોઈ શખ્સ સામે તેની અવાકની અકારણી અંગે  જો કોઈ પગલાં લેવામાં આવ્યાં હોય તેવો શખ્સ અસેસી ગણાય .